પ્રાંતિજમાં છેલ્લા પાંચ દિવસથી પાણીનો કકળાટ

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લા પાંચ દિવસથી પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં નગરજનોને પ્રાથમિક સુવિધા એવું પીવાનું પાણી ના મળતા નગરજનોમાં રોષ જોવા મલ્યો હતો અને એક પછી એક વિસ્તારોમાંથી લોકો નગરપાલિકા ખાતે દોડી આવ્યા હતાં અને કોર્પોરેટરો સાથે બોલાચાલી બાદ આખરે મામલો થાળે પડયો હતો.

પ્રાંતિજ ખાતે નર્મદાના પાણીની લાઇન મેન્ટેનન્સ કામને લઇને છેલ્લા પાંચ દિવસથી આગળથી બધ રહેતા પ્રાંતિજને પાણી ના મળતાં પ્રાંતિજવાસીઓની હાલ પાણી વગર કફોડી બની છે અને છેલ્લા પાંચ પાંચ દિવસોથી વિવિધ વિસ્તારોમાં પાણી ના મળતા નગરજનો નગરપાલિકાએ દોડી આવ્યા હતા. નગરપાલિકાના કોર્પોરેટરો તથા નગરજનો વચ્ચે પાણીને લઇને તુ...તુ.... મે....મે... જેવા દશ્યો સર્જાયા હતાં.

પાલિકા દ્વારા આખરે ટેન્કરો દ્વારા પણ પાણી પહોચાડવાની ખાતરી આપવામાં આવતાં રહીશો શાંત પડયા હતા. હાલ તો પ્રાંતિજ નગરપાલિકામાં ભાખરીયા ટેકરો, તપોધન વાસ, સ્વામિનારાયણ સોસાયટી, બંબાવાસ, બજાર ચોક, હરીઓમ પાર્ક, ગોપીનાથ સોસાયટી સહિત વિવિધ વિસ્તારોમાં તથા સોસાયટીઓમાં પ્રાથમિક સુવિધા પાણી ના મળતા છેલ્લા પાંચ પાંચ દિવસથી પાણી ના મળતા નગરજનો પાણી માટે તરસી રહ્યા છે. ત્યારે હાલ તો કોર્પોરેટરો દ્વારા વિસ્તારોવાઇઝ ચાર ચાર ટેન્કરો મોકલવાની ખાતરી આપતા રહીશોનો ગુસ્સો શાંત પડયો હતો અને આખરે મામલો થાળે પડયો હતો. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે હજું એક બે દિવસ જો નિયમિતપણે નગરજનોને પાણી નહી મળે તો રહીશોનો ગુસ્સો પાલિકા ઉપર વરસે તો નવાઈ નહી.

મોડાસા નાલંદા-૧ કોર્ટમાં ફરજ બજાવતા કર્મચારીના

પુત્રએ ઘરના ધાબા પર બંદૂકથી કપાળના ભાગે ગોળી મારી આત્મહત્યા

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરની માલપુર રોડ પર આવેલી નાલંદા-૧ સોસાયટીમાં બપોરના સુમારે મોડાસા કોર્ટમાં ફરજબજાવતા કર્મચારીના પુત્રએ અગમ્ય કારણોસર ધાબા પર ચઢી લમણાં ના ભાગે બંદૂકની ગોળી મૂકી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી હતી ગોળીનો અવાજ સાંભળી સોસાયટીના રહીશો દોડી આવ્યા હતા પુત્રએ બંદૂકની ગોળી મારી આત્મહત્યા કરી હોવાની જાણ પિતાને થતા ઘરે દોડી આવ્યા હતા અને આક્રંદ કરી મુકતા વાતાવરણ ગમગીની છવાઈ હતી મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે દોડી આવી મૃતક યુવકની લાશને પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મૃતક યુવક હેમરાજ સિંહ રાઠોડ આત્મહત્યા કરતા પૂર્વે વોટ્સએપ માં "મીસ યુ મોમ એન્ડ ડેડ...લવ યુ સો મચ" અને "મીસ યુ ઓલ ડીયર ફ્રેન્ડ્સ" ના સ્ટેટ્સ અપલોડ કરી આત્મહત્યા કરી લેતા મિત્ર વર્તુળ અને સગા-સંબંધીઓને પણ આંચકો લાગ્યો હતો મિલનસાર સ્વભાવ ધરાવતા હેમરાજસિંહે બંદૂકની ગોળી વડે આત્મહત્યા કરી લેતા આત્મહત્યા કયા કારણોસર કરી તે અંગે અનેક રહસ્યો ઘૂંટાયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ, મોડાસા કોર્ટમાં ફરજ બજાવતા અને માલપુર તાલુકાના વાવડી ગામના દશરથ સિંહ રાઠોડ ના ઘરે લગ્ન ૧૨ વર્ષ પછી પારણું બંધાયું હતું અને પુત્ર રત્નની પ્રાપ્ત થઈ હતી ખુશખુશાલ પરિવારમાં હેમરાજસિંહ યુવાન થતા પિતાએ પુત્રની ઈચ્છા મુજબ માલપુર ખાતે એક વર્ષ અગાઉ ભવનાથ મેડિકલ નામની દુકાન કરી આપી હતી હેમરાજ સિંહે મંગળવારે રાત્રીના સુમારે તેના પિતા દસરથસિંહ ને છાતીમાં દુખાવો ઉપડતા મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાવી હતી પિતાને છાતીમાં થયેલ દુખાવો સામાન્ય હોવાનું તબીબે જણાવતા બુધવારે બપોરે ૧૧ વાગ્યા સુધી ખુશખુશાલ લગતા હેમરાજસિંહે તેના ગણતરીના કલાકોમાં બપોરે બીમાર માતા નીચેના રૂમ હતા ત્યારે અગમ્ય કારણોસર બે મજલાના મકાનના ધાબે ચઢી બંદૂક વડે કપાળના ભાગે ગોળી મારી આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી હતી હેમરાજસિંહે આત્મહત્યા કરી લેતા મોડાસા કોર્ટમાં ફરજબજાવતા જજ, કર્મચારીઓ અને મોટીસંખ્યામાં વકીલો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા સમગ્ર ઘટનાના પગલે મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

પેપોળથી મેજરપુર સુધી બનાવેલ નવિન રોડમાં ભારે ભષ્ટ્રાચાર આચરાયાની બુમરાડ

ચાર મહિના પહેલાં બનાવેલા રોડમાં ડામર ઓછો વાપરવામાં આવતા કોકરી ખુલ્લી થઈ રહી છે : સાઇડોની કામગીરીમાં પણ લાલીયાવાડી ચલાવાઇ રહી છે

વડગામ તાલુકાના પેપોળ ગામ થી મેજરપુરા સુધીનો રોડ ચાર મહિના પહેલાં જ પેવર બનાવાયો છે પણ રોડના કામમાં કોન્ટ્રાક્ટર અને માર્ગ મકાન વિભાગ ના કર્મચારીઓ ની મિલીભગતથી કામમાં ભારે ધુપ્પલ બાજી ચલાવી ને કામ તકલાદી કરાયાની રાડ ફરીયાદો લોકો માં થઇ રહી છે.

પેપોળથી વાયા ગોરશા પીર થઈને મેજરપુરા સુધીનો રોડ તાજેતરમાં જ પેવર બનાવાયો છે પરંતુ રોડના કામમાં કોન્ટ્રાક્ટર દ્વારા વેઠવાળવામાં આવી છે રોડના કામમાં ડામર ઓછો વપરાતાં વચ્ચેથી કોકરી ઉખડી રહી છે રોડ બનાવાયાના ચાર મહિનામાં જ રમણ ભમણ થઈ રહ્યો છે રોડની સાઈડોમાં પણ મોટા મોટા પથ્થરો પડ્યા હોવાથી વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે સાઈડોમાં મોરમ નાખીને સાઈડોનુ પુર્ણ કરવાનું હોવા છતાં રોડ બન્યાને આજદીન સુધી સાઈડોનુ કામ પણ અધુરું છોડી દેવાયું છે રોડના કામમાં કોન્ટ્રાકટર દ્વારા ભારે ગેરરીતિઓ આચરવા છતાં આર એન્ડ બીના જવાબદાર કર્મિઓ દ્વારા કેમ ચલાવાઇ રહ્યું છે જવાબદાર કર્મિઓ સામે લોકોમાં શંકાઓ ઉપજી રહી છે રોડનું કામ તકલાદી કરાતાં ગાંધીનગર વિજીલન્સની ટીમ દ્વારા ઝીણવટ ભરી તપાસ હાથ ધરી ને કસુરવાર એજન્સી તેમજ જવાબદાર માર્ગ મકાનના કર્મી સામે શિક્ષાત્મક પગલાં ભરીને કડક કાર્યવાહી કરવા કરવા લોકોમાંથી માંગ ઉઠવા પામી છે.

ધાનેરા તાલુકાના રામપુરા છોટા ગામે આડા સંબંધોને લઈ યુવકની હત્યા

ધાનેરા તાલુકાના રામપુરા છોટા ગામે આડા સંબંધોની લઈ યુવકની હત્યા કરવામાં આવી છે યુવકની હત્યા ને લઇ સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે તો બીજી તરફ ધાનેરા પોલીસે મૃતકની લાશને પીએમ અર્થે ધાનેરા ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધાનેરા તાલુકાના શેરગઢ ગામે રહેતા શામળાભાઈ લાધાભાઈ પટેલ મોટર રીપેરીંગ નું કામ કરી પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા શામળાભાઈ પટેલે આજે રામપુરાછોટા ગામે થી મળી આવતા ચકચાર મચી જવા પામી છે તો બીજી તરફ ધાનેરા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી છે અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે ત્યારે મૃતકના પરિવાર દ્વારા ધાનેરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે અને તેમાં જણાવવામાં આવી છે કેમ રામપુરાછોટા ગામે રહેતા મેમાભાઈ રબારી નામના ઈસમે આ ભાઈની હત્યા કરે છે અને તે પણ આડા સંબંધો ને લઈને આ ત્યાંથી અત્યારે તો સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે અને ધાનેરા પોલીસે મૃતકની લાશને પીએમ અર્થે ધાનેરા ખસેડી કાયદેસરની કાર્યવાહી કરી છે અત્યારે તો યુવકના મોત ને લઈશ અનેક અટકળો ચાલી રહી છે પરંતુ યુવકના મોતનું સાચું કારણ તો પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.

ધનસુરામાં રખડતી ગાયોનો ત્રાસ

ધનસુરા, તા. ૧૨

અરવલ્લી જિલ્લામાં મોટાભાગના ગામોમાં રખડતા ઢોરોનો દિનપ્રતિદિન ત્રાસ વધતો જાય છે. આ રખડતા ઢોર ખાસ કરીને ગાયો બજાર અને સોસાયટી વિસ્તારોમાં ટોળાબંધીમાં આવે છે. લોકોના મકાનો આગળ ગંદકી કરે છે. ગ્રામપંચાયતો નગરપાલિકાઓ આ અંગે કોઈ કડક પગલા ભરતા નથી. ધનસુરા નગરમાં પણ રખડતી ગાયોનો ત્રાસ વધી ગયો છે. વહેલી સવારથી આ ગાયો ટોળાબંધ બજારમાં ગામમાં અને સોસાયટી વિસ્તારમાં અડીંગો જમાવી દે છે, લોકો ત્રાસી ગયા છે. સોસાયટીઓમાં ઘર આગળ ગંદકી કરે છે, બજારમાં રોડ ઉપર આડેધડ ઉભી રહે છે, ટ્રાફિકનો પ્રશ્ન વિકટ બને છે. તાજેતરમાં એક સોસાયટીમાં એક વૃદ્ધને સિંગડુ મારી ઘાયલ કરતા મોડાસા હોસ્પિટલમાં દાખલ કરેલ જ્યાં સારવાર દરમ્યાન તેમનુ મોત થયુ હતુ. પંચાયતમાં જાણ કરવા છતા કોઈ કાર્યવાહી થતી નથી.

વડગામ ધારાસભ્ય દ્વારા દાંતા અકસ્માતમાં ભોગ બનેલા

પીડિતોને સહાય મળે તે માટે મુખ્યમંત્રીને આવેદનપત્ર આપ્યું

વડગામ ધારાસભ્ય દ્વારા હમણાં થયેલા દાંતા પાસેના અકસ્માત ભાલગામના ૯ જેટલા લોકોના મોત થયા હતા અને કેટલાક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમણે સરકાર દ્વારા તાત્કાલિક સહાય મળે તે માટે વડગામ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ મુખ્યમંત્રીને આવેદનપત્ર આપી લેખિત રજૂઆત કરી હતી. ત્યારે અકસ્માત થયા બાદ ૨૪ કલાકમાં ચૂકવવામા આવતી સહાય હજુ પણ રાજ્ય સરકારે અકસ્માતમા ભોગ બનેલા લોકોને ચૂકવી નથી. ત્યારે તાત્કાલિક આ સહાય ચૂકવવામાં તેવી માંગ સાથે લેખિત રજૂઆત કરી છે.

વડગામ ધારાસભ્ય જીગ્નેશ એ થોડા દિવસ પહેલા દાંતા નજીક થયેલા અકસ્માતમા ભલગામ ગામના એક જ કુટુંબના ૯ લોકોના કમકમાટી ભર્યા ઘટના સ્થળે મોત થયા હતા. તો તેમાંથી કેટલાક ગંભીર હાલતમાં ઘાયલ થયા હતા. જેને લઈ સમગ્ર જિલ્લામાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. ત્યારે આ અંગે વડગામ ધારાસભ્ય એ તાત્કાલિક ૨૪ કલાકમાં પીડિતો સહાય ચૂકવવા રજૂઆત કરી હતી અને કલેકટર દ્વારા પીડિતોને સહાય મળે એ બાબતે દરખાસ્ત પણ કરવામાં આવી હતી. તેમ છતાં અકસ્માત થયા બાદ ૨૪ કલાકમાં સરકાર દ્વારા ચૂકવવામાં આવતી સહાય હજુ પણ પીડિતોને સરકારે ચૂકવી નથી. જેને લઈ જીગ્નેશ મેવાણીએ ગાંધીનગર ખાતે પોતાની ટીમ સાથે મુખ્યમંત્રીને લેખિતમાં આવેદનપત્ર આપ્યું હતું. અને પીડિતોને તાત્કાલિક સહાય ચૂકવવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી. ત્યારે તેમની સાથે મળે સતીશ વણસોલા, રફીકભાઈ, ભલગામ સરપંચ, અતિક ઉલ રહેમાન, નવનીત વણસોલા તેમજ પીડિત લોકોના પરિવાર સાથે મુખ્યમંત્રી કાર્યાલયની મુલાકાત લીધી અને આવેદનપત્ર આપવામાં આવ્યું. અને જ્યાં સુધી પીડિતોને સહાય ચુકવવામાં ન આવે ત્યાં સુધી ધરાસભ્ય જીગ્નેશ મેવાનીની ટિમ રવિવારને બાદ કરતાં દરરોજ આવેદનપત્ર આપશે તેમ જણાયું હતું અને વડગામ ધારાસભ્ય પોતાનો એક મહીનાનો પગાર પીડિત પરિવારોને સમર્પિત કરશે.

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનું પ્રદેશ અભ્યાસ વર્ગ અંબાજીમાં યોજાયો

અંબાજી

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ૯ જુલાઈ ૧૯૪૯થી રચનાત્મક તેમજ આંદોલનાત્મક કર્યો વડે સમાજ માં જાગૃતિ તેમજ રાષ્ટ્ર ભક્તિની અલખ જગાડતું રહ્યું છે. આ ઉપક્રમે વિધાર્થી પરિષદ દર વર્ષે જૂન માસ માં કાર્યકર્તા અભ્યાસ વર્ગનું આયોજન ગુજરાતના જુદા જુદા જિલ્લામાં થતું રહ્યું છે. આ વખતે ગુજરાત પ્રદેશ અભ્યાસ વર્ગનું આયોજન બનાસકાંઠાના અંબાજી શાખામાં કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાત પ્રદેશમાંથી લગભગ ૩૦૦થી વધુ કાર્યકર્તા ભાઈ-બહેનો તેમજ પ્રાધ્યાપકો હજાર રહ્યા હતા. આ અભ્યાસમાં વિધાર્થી પરિષદના રાષ્ટ્રીય સહ સંગઢન મંત્રી શ્રી શ્રીનિવાસજી, ઉત્તર શ્રેત્રના સહ સંઘઢન મંત્રી શ્રી અજયજી ઠાકુર, ઉત્તર-પશ્ચિમ શ્રેત્રીય સંગઢન મંત્રી સુરેન્દ્રજી નાયકની વિશિષ્ટ ઉપસ્થિતિ રહી હતી.

આ સત્રની શરૂઆત પ્રાંત અધ્યક્ષશ્રી રવીસિંહ ઝાલા. પ્રાંત મંત્રી શ્રી નિખિલ મેઠીયા, પ્રદેશ સંગઢન મંત્રી અશ્વિનીજી શર્મા દ્વારા દીપ પ્રજવલિત કરવામાં આવ્યું હતું.

પ્રદેશ અભ્યાસ વર્ગમાં ભાસણ સત્રમાંશ્રી અજયજી ઠાકુરે કેમ્પસ સક્રિયતા તેમજ શ્રી શ્રીનાવસજીએ ભારતનું ગૌરવપૂર્ણ ઈતિહાસમાંથી ભારતનું વર્તમાન અને ભારતનું ભવિષ્ય ગૌરવપૂર્ણ સમય બે વિષય પર ચર્ચા કરી.

સાબરડેરીના ચેરમેનની નિમણુંક મામલે આજે હાઈકોર્ટમાં ફરીથી મુદત

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકો માટે આધારશિલા સમી ગણાતી સાબરડેરીના ચેરમેનની નિમણુંકનો મામલો હાઈકોર્ટના દ્વારે પહોંચ્યો છે. ત્યારે અંદાજે એક માસ અગાઉ હાઈકોર્ટમાં રીટ થઈ હતી. પરંતુ એક માસના વેકેશનને લીધે કોર્ટમાં કોઈ કાર્યવાહી થઈ ન હતી. દરમ્યાન તા. ૧૦ જૂનના રોજ હાઈકોર્ટમાં વેકેશન પૂર્ણ થયા બાદ આ મામલે બુધવારે સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં ફરીયાદ પક્ષના પક્ષકારોને કેટલાક દસ્તાવેજો રજુ કરવાની તાકીદ કરીને હાઈકોર્ટના ન્યાયાધીશે આ સબબ ગુરૂવારે ફરીથી સુનાવણી હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

સદભાવના ગ્રુપ ટ્રસ્ટ તરફથી સરકારી શાળાના પ્રવેશ પામનાર

વિદ્યાર્થીને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું

સતત નિત નવા સેવાકીય કાર્યો કરી યુવાનોને સેવાકીય કાર્યો માટે પ્રેરતા એવા યુવાનોના સદ્ભાવના ગ્રુપ દ્વારા આજ રોજ પાલનપુરની તમામ સરકારી શાળાના નવા પ્રવેશ પામનાર વિદ્યાર્થીઓના આંકડા લઇ તેમને પ્રાઇવેટ શાળાના વિદ્યાર્થીઓ શાળાના સત્રની શરૂઆતના પ્રથમ દિવસેજ પાલનપુરની ૧૬ સરકારી શાળાના તમામ ૮૭૨ વિદ્યાર્થીઓને આજ રોજ શેક્ષણીક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કીટમાં સુંદર મજાની બેગ, ચોપડાઓ, પેન, પેન્સિલ, રબબર, ચોકલેટ વગેરે આપવામાં આવ્યું હતું. આ કીટ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરના સમ્પર્કમાં રહી તૈયાર કરવામાં આવી હતી. જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી જોડેથી ઉપયોગમાં લે એ કક્ષાની શેક્ષણીક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કીટ આજ રોજ પ્રથમ દિવસે જેતે શાળાઓમાં જઈ શાળાના પ્રિન્સિપાલ તેમજ તેમના સ્ટાફ મિત્રોની ઉપસ્થિતિમાં આપવામાં આવી હતી. આજ રોજ આ કાર્યક્રમમાં સદભાવના ગ્રુપના હરેશ ચૈધરી,જગદીશ કોરોટા, આશિષ પઢીયાર, હાર્દિક ચૌધરી, અનિલ પટેલ, રવિ દરજી, કૌશિક ગોસ્વામી, પ્રવીણ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજમાં વ્યાજખોરના ત્રાસથી પતિ દ્વારા આત્મહત્યા કરી લેતા પત્નીની ફરિયાદ

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વ્યાજખોરના ત્રાસથી પાંચ બાળકોના પિતાએ ગળાફાંસો ખાઈ જીવન ટુકાવતા પત્ની દ્વારા તેના પતિને આત્માહત્યા કરવા સુધી મજબુર કરનાર વ્યાજખોર સામે પોલીસ ફરીયાદ કરી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે રહેતા કમુબેન વિષ્ણુસિંહ ધમાજી વણઝારા ઉ.વર્ષ-૪૦ રહે. સી.એચ.સી. પાસે વણઝારા વાસ કે જેવોના પતિ વિષ્ણુસિંહ ધમાજી વણઝારાએ મકાન બનાવવા માટે પ્રાંતિજ પટેલવાસ ખાતે રહેતા ગૌતમભાઈ દશરથભાઈ સથવારાને ઓળખતા હોય અને વ્યાજે પૈસા આપતા હોય મારા પતિએ તેમણી પાસેથી વ્યાજે પૈસા લેવાની વાત મને કરેલી અને તે વખતે મારા પતિએ પ્રાંતિજમાં રહેતા આ ગૌતમભાઈની સોના ચાંદીની દુકાન આવેલી છે ત્યા ગયા હતાં અને મારા દાગીના સોનાની બે તોલાની કંઠી તથા બે તોલાની સોનાના જુલા તથા ચાંદીનુ કડુ તથા મારા પતિના બેન્કનો ચેક તેમણી પાસે આપી ૭૦,૦૦૦ વ્યાજે લીધાં હતા ત્યાર બાદ અમારા મકાનનું કામ પુરૂ કરેલુ અને બે માસ પછી પૈસાની સગવડ થતા મારા પતિએ આ ગૌતમભાઈ પાસેથી લીધેલા ૭૦,૦૦૦ પાછા પણ આપી દીધેલા પણ જયારે અમે અમારી મજીયારાની ખેતી ઉપર જતાં હતાં ત્યાં ગૌતમભાઈ આવી વ્યાજની રકમ પાંચ લાખની ઉધારણી કરતા હતા અને તમે રૂપિયા પાંચ લાખ આપો પછી તમારા દાગીના તથા ચેક પાછો આપીશ અને ગૌતમભાઈ દ્વારા મારા પતિની ઉપર કેસ કરવાની પણ ધમકીઓ આપતા મારી વ્યાજની રકમ પાંચ લાખ આપો પછી તમણે ચેક દાગીના આપીશ તો મારા પતિ આ વાતને લઈને ખુજબ ચિંતામાં રહેતા હતાં અને તારીખ ૫-૬-૨૦૧૯ના રોજ અગિયાર કલાકે મારા પતિએ ખેતરોમાં લીમડાની ઝાડ નીચે રસ્સી વડે ગળાફાંસો ખાઈ લીધો હતો.

બોલુંદરા ગામે યોજાયેલા નિઃશુલ્ક નિદાન-સારવાર કેમ્પમાં ૨૦ ગામોનાં ૬૧૫ લોકોએ લાભ લીધો

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના બોલુંદરા શ્રી કૃષ્ણાશ્રમ ખાતે રવિવારે નિઃશુલ્ક આંખોના નિદાન-સારવાર કેમ્પનું આયોજન શ્રી સંતરામ મંદિર, નડીઆદ દ્વારા બ્રહ્મલીન પૂ. અગ્નિહોત્રી શુકદેવપ્રસાદ ગૌ. વ્યાસ (દાદાશ્રી)ની પ્રથમ પૂણ્યતિથી નિમિત્તે કરવામાં આવતા તેમાં બોલુદરા તેમજ આસપાસના ૨૦ ગામોનાં ૬૧૫ લોકોએ લાભ લીધો હતો. જેમાં મોતીયાના ૪૦ ઓપરેશન પણ નિઃશુલ્ક કરવામાં આવ્યાં હતાં. સાથે સાથે યોજાયેલા રક્તદાન કેમ્પમાં ૮ યુનિટ રક્ત એકત્ર થયું હતું.

જેના આયોજક અગ્નિહોત્રી આત્રેયકુમાર જે. વ્યાસના જણાવ્યાનુસાર આંખોને લગતા તમામ રોગો જેવા કે ઝામર, ત્રાંસી આંખની તપાસ, પડદાના રોગોની તપાસ અને ફેંકો પદ્ધતિ (લેસર)થી મફત મોતિયાના ઓપરેશન તેમજ મફત ચશ્માં, દાંત ચામડીના રોગોનું તથા શરદી, ઉધરસ, તાવ વગરે સર્વ રોગોનું નિદાન કરી મફત દવાઓ વિતરણ કરવામાં આવી હતી. આ કેમ્પનું ઉદ્ઘાટન સંતરામ મંદિર નડીઆદના નિર્ગુણદાસજી અને ઉમરેઠથી ગણેશદાસજી દીપપ્રાગટ્ય કરીને કર્યું હતું. રકતદાન કેમ્પમાં ઉત્સાહી યુવાનોએ રકતદાન કરતા કેમ્પમાં આઠ યુનિટ રક્ત એકત્ર થયું હતું.

બામણા નજીક ડાલાએ ટક્કર મારતા ભાઈ-બહેનના મોત

હિંમતનગર, તા. ૧૨

ગાંભોઈથી ભિલોડા જતા રોડ પર આવેલ બામણા ગામના બસસ્ટેન્ડ નજીકથી સોમવારે પસાર થઈ રહેલા ડાલાના ચાલકે તેનુ ડાલુ બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી બે બાળકોને હડફેટે લીધા હતા. જેથી ગંભીર રીતે ઘવાયેલા ભાઈ-બહેનના મોત નિપજ્યા હતા. જોકે ગંભીર રીતે ઘવાયેલી બહેનને સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડાઈ હતી. જ્યા તેણીએ અંતિમ શ્વાસ લીધા હતા જે અંગેની ફરીયાદ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

માનપુર ગામના કાંતિસિંહ મગનસિંહ મકવાણાએ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ સોમવારે ચાર વાગ્યાના સુમારે બામણા ગામના બસસ્ટેન્ડ નજીકથી પસાર થઈ રહેલા ડાલા નં. જીજે.૦૯.એયુ.૩૧૪૮ના ચાલકે ડાલાને ગફલતભરી રીતે અને બેદરકારીપૂર્વક હંકારી વંશ કામીનભાઈ મોઢ પટેલ તથા તેની બહેન ક્રિયા કામીનભાઈને હડફેટે લઈ ગંભીર ઈજા પહોંચાડી હતી. ઉપરાંત ડાલાના ચાલકે બાઈક નં. જીજે.૦૯.સીએમ.૩૯૪૬ સાથે અથડાવી દઈ નુકશાન પહોંચાડ્યુ હતુ.

આ અકસ્માતને કારણે ૯ વર્ષના વંશ મોઢ પટેલનું ગંભીર ઈજાને કારણે ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતુ તથા ક્રિયાબેનને ગંભીર ઈજા થવાને કારણે ૧૦૮માં વધુ સારવાર માટે હિંમતનગરથી અમદાવાદ લઈ જવાઈ હતી જ્યા ક્રિયાનું પણ સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતુ. અકસ્માતની ઘટના અંગે કાંતિસિંહ મકવાણાએ ડાલાના ચાલક વિરૂદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.